# ડીસામાં ખનિજ માફિયા બેફામ; રેતીની તસ્કરી કરતા વધુ ચાર ટર્બા જપ્ત

## ડીસાના મામલતદારની કડકાઇથી રેત માફિયાઓમાં ફફડાટ

ડીસા, તા.૧૫

બનાસકાંઠાના ડીસા નજીકથી પસાર થતી બનાસ નદીના પટની રેતીની ગુણવત્તા બાંધકામ ક્ષેત્રમાં વખણાતી હોઈ ખનિજમાફિયા દૈનિક ધોરણે નદીના પટમાંથી રેતી ઉલેચી સરકારી તિજોરીને રોયલ્ટી ટેક્સનું મસમોટું નુકશાન પહોંચાડી રહ્યા છે. આ ગોરખધંધો સ્થાનિક સત્તાધીશોની રહેમનજરથી ખૂબ વકરી રહ્યો હોવાના આક્ષેપો પણ થતા રહે છે. જોકે આજે ડીસાના નવા મામલતદારે બનાસ નદીમાંથી રેતી ભરી ને જઈ રહેલી ચાર ટર્બો ટ્રકોને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

### રેતીનો કારોબાર કમાણીની ટંકશાળ...!

નદીના પટમાંથી રેતીની તસ્કરી કરી રેતીનો વેપલો કરનારાઓને કમાણીની ટંકશાળ પડી રહી છે. આ ગોરખધંધા માટે નંબરપ્લેટ વગરની અથવા તો નંબરપ્લેટ ઢાંકેલી હોય તેવી ટ્રકોનો ઉપયોગ કરાય છે જેથી અકસ્માત સર્જી ફરાર થઈ જતી ટ્રકોને ઝડપવી પણ મુશ્કેલ બને છે. વળી, રોડ પર દોડતી રેતી ભરેલી ટ્રકો ઉપર તાપડાં ઢાંકવાની પણ તસ્દી લેવાતી નથી જેથી અન્ય વાહન ચાલકોને પણ મુશ્કેલી વેઠવી પડે છે ત્યારે આ ગોરખધંધા સામે તંત્રવાહકોએ લાલ આંખ કરવાની જરૂર જણાઈ રહી છે.

ડીસાના મામલતદાર આજે બપોરે હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યા હતા એ વખતે બનાસ નદીમાંથી રેતી ભરેલી ચાર ટર્બો ટ્રકો નીકળતા મામલતદારે આ ટ્રકોને આંતરી રોયલ્ટી ભર્યાનો પુરાવો માંગતા એકેય ટ્રક ચાલક પુરાવો રજૂ કરી શક્યો નહોતો જેથી મામલતદારે તુરંત ડીસા તાલુકા પોલીસને બોલાવી રેતી ભરેલી ચારેય ટર્બો ટ્રકો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મામલતદારની આવી કડકાઈથી ખનીજ માફિયા અને રેતીના તસ્કરોમાં ફફડાટ ફેલાયો છે.

# હવે, પ્રજાપતિ સમાજ પણ રાજકારણમાં ભાગ માંગે છે

મહેસાણા, તા. ૧૫

મહેસાણામાં આજે પ્રજાપતિ સમાજના ઉત્તર ગુજરાત જોનના પ્રજાપતિ સમાજના આગેવાનો સહિત સમાજના શ્રેષ્ઠીઓ આજે ભેગા થયા હતા અને સમાજને આગળ લઈ જવામાં આવે તેવી વાત સમાજ સમક્ષ મુકી હતી. અને આવનાર સમયમાં વિધાનસભામાં પ્રજાપતિ સમાજને ૧૨ સીટો મળે તેવી વાત રજુ કરી હતી.

મહેસાણાના આંબલીયાસણ ગામ પાસે આજે સમગ્ર ઉત્તર ગુજરાતના પ્રજાપતિ સમાજ ભેગા થઈને જનસંખ્યાના અનુસંધાને તમામ પક્ષો આવનાર વિધાનસભામાં ટીકીટ આપે તેવી વાત રજુ કરી હતી અને આ બાબતે યોગ્ય ન્યાય નહીં મળે તો અમો એ જ પક્ષ સાથે રહીશું જે સમાજના ઉઠાનની માંગ કરે છે. સાથે સમાજ અન્ય પાંચ મુદ્દાઓ જેવા કે પ્રજાપતિ સમાજને રાજકીય વગ મળે અને સાથે સમાજને ઓબીસી સહીતની સીટો આયોગમાં જગ્યા સહિતની માંગ પણ આ પ્રસંગે રજુ કરવામાં આવ્યા હતા.




આ પ્રજાપતિ સમાજમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના પ્રજાપતિ સમાજ એકઠો થયો હતો. જેમાં સમાજના જુદા જુદા વિસ્તારમાં સમાજની વાતને સમાજના ઉઠનમાં અને વિવિધ પક્ષમાં વિવિધ સીટો પરથી ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોએ સમાજ સાથે વાત કરી હતી અને વિવિધ પક્ષો સાથે આહવાન કર્યુ હતુ કે સમાજ આટલો મોટો છે અને સમાજની માંગ રજુ કરવામાં આવી હતી.

## ભિલોડા તાલુકાના મુનાઈ ગામના જંગલ વિસ્તારમાં મકાનના પાયા ખોદવા બાબતે મારામારી

ભિલોડા, તા. ૧૫

ભિલોડા તાલુકાના મુનાઈ ગામના જંગલ વિસ્તારમાં જંગલ ખાતાની જમીનમાં મકાનના પાયા ખોદવા બાબતે મારામારી થતાં મામલો ગરમાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પીએસઓ મુકેશભાઈ પ્રજાપતીના જણાવ્યા મુજબ સુનસર ગામના અળખાભાઈ સવાભાઈ પરમાર જંગલખાતામાં રોજમદાર તરીકે નોકરી કરતા હોવાના કારણે જંગલખાતાની જમીનમાં મકાનના પાયા ખોદવાની ના પાડતાં મુનાઈ ગામના નવજીભાઈ બેચરભાઈ રબારી, હંસાબેન નવજીભાઈ રબારી, કપુબેન ભીખાભાઈ રબારી, તેજસભાઈ બેચરભાઈ રબારી આવેશમાં આવી મન ફાવે તેમ બિભત્સ અપશબ્દો બોલી લાકડીઓ વડે મારામારી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જિલ્લા મેજીસ્ટ્રેટના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો આચરતા મામલો ગરમાયો હતો.

ભિલોડા તાલુકાના સુનસર ગામના અળખાભાઈ સવાભાઈ પરમાર જંગલ ખાતાના રોજમદારે મારામારીના બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા મુનાઈ ગામના નવજીભાઈ બેચરભાઈ રબારી, હંસાબેન નવજીભાઈ રબારી, કપુબેન ભીખાભાઈ રબારી, તેજસભાઈ બેચરભાઈ રબારી વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મેઘરજ પોલીસે ૭.૪૪ લાખનો મુદ્દામાલ સહિત વિદેશી દારૂ ઝડપી પાડયો

મેઘરજ, તા.૧૫

મેઘરજમાં શનિવાર રાત્રે પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે તેને બાતમી મળી હતી કે બાંઠીવાડા ચાર રસ્તા નજીકથી રાજસ્થાન બાજુથી કારમાં દારૂ ભરી લઈ પસાર થવાના છે ત્યારે પોલીસે બોઠીવાડા ચોકડી નજીક વૉચ રાખી હતી. થોડીવારમાં બાતમી વાળી કાર આવી પહોંચતા પોલીસે કારને ઉભી કરાવતાં ડ્રાઈવર સીટની બાજુમાં બેસેલ ઈસમ અંધારાનો લાભ લઈ ભાગી છુટયો હતો. જયારે કારચાલક ઝડપાઈ ગયો હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતાં અલગ અલગ બ્રાન્ડના ૧૪૪૦ નંગ કવોટરીયા મળી આવ્યા હતા જેની કિંમત રૂ. ૧,૪૪,૦૦૦ તેમજ કાર સિલ્વર રિનોલ્ટ લોજી નં. જીજે ૩ બીવી-૦૬૫૭ જેની કિંમત રૂ.૬,૦૦,૦૦૦ તેમજ મોબાઈલ રૂ. ૫૦૦ જે કુલ મળી રૂ. ૭,૪૪,૫૦૦ના મુદ્દામાલ સહીત કાર ચાલક આરોપી મુકેશ કિશનચંદ નોતવાણી રહે. ચિલોડા તા.જી. ગાંધીનગરને ઝડપી પાડયો હતો અને છગન પ્રજાપતિ રહે. રાજસ્થાન રાત્રીના અંધારાનો લાભ લઈ ભાગી છુટયો હતો.






### ખેડબ્રહ્મા શહેરમાંથી આદિવાસી ટાઈગર સેનાએ રેલી યોજી

ખેડબ્રહ્મા શહેરમાંથી અખિલ ભારતીય આદિવાસી ટાઈગર સેના રાષ્ટ્રીય અધ્યક્ષ એસ એસ અધ્યક્ષતામા ૧૭ મો રાષ્ટીય આદિવાસી મહાસંમેલન અંતરગત રેલી કાઢવામા આવી. જેમા ૧૫૦થી વધુ લોકો જોડાયા. ૫૦ થી વધુ બાઈકસવાર સાથે વિવિધ માંગણીઓ સાથે સૂત્રોચાર કરી રેલી કાઢવામા આવી હતી. રેલી અંબિકામાતાજી મંદિરથી નીકળી હતી. જે લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ માણેક ચોક થઈ સરદાર ચોક થઈ પેટ્રોલપંપ થઈ મંદિર પરત ફરી હતી.

## ભિલોડા તાલુકાના ભુતાવડ ગામ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૧૫

દિવાળીના તહેવારના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પરપ્રાંતિય વિદેશી દારૂની હેરાફેરીનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં પોલીસ તંત્રએ લાલ આંખ કરી સપાટો બોલાવતાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા તાલુકાના ભુતાવડ ગામ પાસેથી રૂા.૪૯,૨૦૦/- વિદેશી દારૂ સહિત કુલ મુદ્દામાલ રૂા.૧,૪૯,૨૦૦/- પોલીસ ધ્વારા પેટ્રોલીંગ દરમ્યાન ઝડપાયો છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ. આઈ. એમ.આર. સંગાડાના જણાવ્યા મુજબ ભુતાવડ ગામના સીમવિસ્તારના માર્ગ ઉપર પેટ્રોલીંગ દરમ્યાન બજાજ ઓટો રીક્ષા નંબર.જી.જે.૦૧. ટી. એ. ૪૦૫૨ માં અજાણ્યો ચાલક કાયદાની ઐસી-તૈસી કરી ગેરકાયદેસર રીતે પરપ્રાંતિય પાસ પરમીટ વગર વિદેશી દારૂ હરીયાણા બનાવટનો મેગડોલ નંબર.૧ સુપેરીયર વિસ્કી ૭૫૦ એમ.એલ.ની પેટી નંગ-૭ બોટલ નંગ-૮૪ કિંમત રૂા.૪૨,૦૦૦/- અને હેવર્ડ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦૦ના માર્કાની ૫૦૦ એમ.એલ.ની રાજસ્થાન બનાવટની બીયર ટીન નંગ-૪૮ કિંમત રૂા.૭,૨૦૦/- છે. બજાજ ઓટો રીક્ષાની કિંમત રૂા.૧,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૧,૪૯,૨૦૦/- છે. પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન વિદેશી દારૂ ઝડપાયો છે.

## અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોથી રોજ ૭૦થી ૮૦ ઢોર પકડાય છે

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ શહેરમાં રખડતા ઢોર મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક વલણ અપનાવવામા આવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોજ ૭૦ થી ૮૦ જેટલા રખડતા ઢોર શહેરના વિવિધ વિસ્તારોમાંથી પકડતા હોવાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાવો કરવામા આવ્યો છે.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરમા છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરનો પ્રશ્ન એક મોટી સમસ્યા બની ગયો છે.બીજી તરફ આ મામલે ગુજરાત હાઈકોર્ટમા પણ પીટીશન મામલે હાલ સુનવણી ચાલી રહી છે હાઈકોર્ટ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર મુકેશ કુમાર ઉપરાંત પોલીસ કમિશનરને શહેરમા રખડતા ઢોરને પકડવા મામલે કડક કાર્યવાહી કરવા આદેશ આપેલા છે.આ પરિસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ વિભાગના જયંત કાચાની મળેલી પ્રતિક્રીયા અનુસાર,અમદાવાદ શહેરમા અગાઉ રોજ ૫૦થી ૬૦ જેટલા ઢોર પકડવામા આવતા હતા ઓગસ્ટ-૨૦૧૭થી વિભાગની સ્ટ્રેન્થમા સતત વધારો કરીને રોજ ૭૦ થી ૮૦ ઢોર પકડવામા આવી રહ્યા છે.આ ઉપરાંત રખડતા ઢોર મામલે આઈપીસીની કલમ હેઠળ કેસ પણ કરવામા આવી રહ્યા છે.તેમના કહેવા પ્રમાણે ઓગસ્ટ-૨૦૧૭થી અત્યાર સુધીમા કુલ મળીને ૩,૮૦૬ જેટલા રખડતા ઢોર શહેરના વિવિધ વિસ્તારોમાંથી પકડી લેવામા આવ્યા છે.અમદાવાદ શહેરમા રખડતા ઢોર મામલે મ્યુનિસિપલ તંત્રની ઢીલી નિતી બાદ શુક્રવારના રોજ હાઈકોર્ટ સમક્ષ મ્યુનિસિપલ કમિશનર અમદાવાદને હાજર રહેવાની નોબત આવી હતી.



### ભિલોડા જન સેવા અંગ્રેજી, ગુજરાતી માધ્યમ સ્કુલમાં દિવાળી પર્વ નિમિત્તે ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા જન સેવા અંગ્રેજી,ગુજરાતી માધ્યમ સ્કુલમાં દિવાળી પર્વ નિમિત્તે ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ ધ્વારા દરેક વર્ગખંડમાં અવનવી આકર્ષક રંગોળીઓ બનાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ધ્વારા શાળા કેમ્પસમાં ફટાકડાની આતશબાજી કરવામાં આવી હતી. ભિલોડા જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, જન સેવા સંઘ કારોબારી સભ્યો ભરતભાઈ ત્રિવેદી, શંભુભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, હર્ષદભાઈ ત્રિવેદી, આચાર્ય બિનતાબેન ભટ્ટ, સુમિત્રાબેન કટારા, બી.એચ.ઝાલા, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જન સેવા સંઘ અંગ્રેજી, ગુજરાતી માધ્યમ સ્કુલમાં દિવાળી પર્વ નિમિત્તે ઉજવણી કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ડીસામાં વેચાતી મીઠાઈની ગુણવત્તા સામે ગંભીર સવાલો

## હલકી ગુણવત્તાનો માવો અને નકલી ઘીના ઉપયોગથી તૈયાર કરાયેલી મીઠાઈ ગ્રાહકોને પધરાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરાતાં હોવાની ફરિયાદો

ડીસા, તા. ૧૫

આગામી મંગળવારથી તહેવારોનો રાજા ગણાતા પ્રકાશના પર્વ દિવાળીના તહેવારોની ઉજવણીનો પ્રારંભ થઈ રહ્યો હોઈ બનાસકાંઠા સહિત ગુજરાતભરમાં ભારે ઉત્સાહનો મહોલ પ્રવર્તી રહ્યો છે. બીજી બાજુ આ વર્ષે મંદીના માહોલના પગલે લોકોની ખરીદ શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો હોઈ દિવાળીના તહેવારોની ઉજવણી શરૂ થવાની તૈયારી હોવા છતા બજાર વિસ્તારો હજુય સુમસામ જોવા મળી રહ્યા છે. જોકે કેટલાક સ્વાર્થી વેપારીઓ દિવાળી ટાણે પણ તેમના ખિસ્સા ભરવા માટે લોકો સાથે છેતરપિંડી કરતા હોવાની ફરિયાદો વધી રહી છે.



દિવાળીના તહેવારો વખતે ગરીબથી લઈ શ્રીમંત પરિવારો પણ મીઠાઈની મિજબાની માણતા હોય છે. વર્ષો પૂર્વે લોકો દિવાળી વખતે ઘરે જ શુદ્ધ ઘીની મીઠાઈ તૈયાર કરતા હતા. જો કે હવે ઘરે મીઠાઈ બનાવવાની કડાકુટથી દૂર રહી બજારમાંથી તૈયાર મીઠાઈ ખરીદી લાવવાનો ક્રેઝ વધી ગયો છે. આ નવો ક્રેઝ વેપારીઓ માટે ફાયદાકારક પરંતુ લોકો માટે જોખમી બની રહ્યો છે. દિવાળી વખતે તમામ વર્ગના લોકો મીઠાઈની ધૂમ ખરીદી કરતા હોઈ ડીસા શહેરમાં પણ અત્યારથી જ મીઠાઈના સ્ટોલ શરૂ થઈ ગયા છે. જો કે હાલ મીઠાઈની ખરીદી માટે કોઈ ધસારો નજરે પડતો નથી પરંતુ વેપારીઓ તો હલકી ગુણવત્તાની મીઠાઈ લોકોને પધરાવી ખિસ્સા ભરવા સજ્જ બની ગયા છે.

નકલી ઘી અને તેલના ઉત્પાદન માટે ડીસા શહેર રાજયભરમાં જાણીતું છે. એ જ રીતે દિવાળી વખતે હલકી ગુણવત્તાનો માવો અને નકલી ઘી વાપરી તૈયાર કરાતી મીઠાઈને શુદ્ધ ઘીની મીઠાઈ તરીકે ઓળખાવી લોકોને પધરાવી દેવાના મામલે પણ ડીસા શહેર એટલું જ કુખ્યાત છે. ડીસામાં આ વર્ષે પણ દિવાળીના તહેવારો દરમ્યાન ડીસામાં હલકી ગુણવત્તાની મીઠાઈનું ધૂમ વેચાણ થાય તેવી પૂરી સંભાવના છે. પૈસા ખર્ચી આવી હલકી ગુણવત્તાની મીઠાઈની ખરીદી કરતા પરિવારોનું આરોગ્ય જોખમાય તેવી શકયતાઓને પણ નકારી શકતી નથી. જોકે દિવાળી વખતે વેપારીઓ અધિકારીઓને નૈવેધ ધરી દઈ હલકી ગુણવત્તાની મીઠાઈનું બેરોકટોક વેચાણ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા જ રહે છે ત્યારે આવી મીઠાઈ આરોગી કોઈ પરિવારના સભ્યોનું આરોગ્ય જોખમાય અને આવા પરિવારોની દિવાળી બગડે તે પૂર્વે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તેમજ સ્થાનિક પાલિકાતંત્રના અધિકારીઓ આ મામલે કોઈ પણ જાતની શેહશરમ કે લાલચમાં લપેટાયા વગર મીઠાઈના દરેક સ્ટોલ પર વેચાતી મીઠાઈની ગુણવત્તાની ચકાસણી કરી હલકી ગુણવત્તાની મીઠાઈ વેંચતા વેપારીઓ સામે આકરા પગલાં લે તે ઈચ્છનીય છે.

# ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળીનો રજત જયંતિ સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લાના ભીલડી મુકામે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજયમંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ધી ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળિ લિ.નો રજત જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ આ મંડળીના વહીવટકર્તાઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતુ કે ૨૫ વર્ષના લાંબા સમય સુધી પારદર્શક અને સ્વચ્છ વહીવટ તેમજ પુરૂષાર્થ અને સૌના સહયોગથી આ મંડળીએ ખેડૂતો સહીત તમામ લોકોને મદદરૂપ બની સરાહનીય કામગીરી કરી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારની માત્ર રૂ. ૧૨ના વાર્ષિક પ્રિમીયમમાં રૂ. ૨ લાખ સુધીનું સુરક્ષા કવચ આપતી યોજનામાં સૌને સામેલ કરવામાં આવી મંડળીઓ મદદરૂપ બને એ જરૂરી છે. મંત્રીએ ભીલડી નાગરીક શરાફી સહકારી મંડળીની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે કેન્દ્ર સરકારની સ્વચ્છતા અને બેટી બચાવો જેવા અભિયાન અને વિવિધ યોજનાઓ સફળ બનાવવા માટે પણ આ શરાફી સહકારી મંડળી દ્વારા પ્રયાસો કરવામાં આવે છે તે અભિનંદનને પાત્ર છે. બનાસ બેન્કના ચેરમેન એમ.એલ. ચૌધરીએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું કે ૨૫-૩૦ વર્ષ પહેલાંના સમયમાં ગરીબ લોકોને શાહુકારો પર નિર્ભર રહેવું પડતું હતું ત્યારે તે સમયે શરૂ થયેલી ભીલડી શરાફી સહકારી મંડળીએ શ્રેષ્ઠ સંચાલન, પુરૂષાર્થ, પ્રમાણીકતા અને પરસ્પર વિશ્વાસ વડે નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમણે મંડળીના વહીવટકર્તાઓને અભિનંદન પાઠવી તેમના યોગદાનની સરાહના કરી હતી. ચેરમેને બનાસ બેન્કની પ્રગતિની વિગતો જણાવી કહ્યું કે બનાસ બેન્ક આપ સૌની છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક સમૃદ્ધ છે અને ખેડૂતો સહીત સૌના હિત માટે સક્રિય અને સંકલ્પબદ્ધ છે.

આ પ્રસંગે જી. પંચાયતના પૂર્વ પ્રમુખ દલસંગભાઈ પટેલ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ.ના ડિરેક્ટર મહંત દોલતપુરીજી, અખીલ આંજણા સમિતિના પ્રમુખ વીરજીભાઈ જુડાલ વગેરેએ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે ભીલડી શરાફી સહકારી મંડળીમાં યોગદાન આપનાર વ્યક્તિઓ અને કર્મચારીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે જિલ્લા સહકારી સંઘના પ્રમુખ અણદાભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ કેસરભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ તરક, ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ના ચેરમેન માનસુંગભાઈ પટેલ, એમ.ડી. શાન્તિલાલ ત્રિવેદી, બનાસ બેન્ક, બનાસડેરીના ડિરેક્ટરો, સહકારીક્ષેત્રના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા એન.આર.એ.કન્યા વિદ્યાલયમાં મીઠાઈ વિતરણનો કાર્યક્રમ

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.કન્યા વિદ્યાલયમાં દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે સામાજીક કાર્યકર રાજુભાઈ કે.રાવલ-ભદ્રેસર, મુલુંડ, મુંબઈ, નરેશભાઈ વી. દેસાઈ,જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, એન.આર.એ. કન્યા વિદ્યાલય આચાર્ય ડીમ્પલબેન ગુર્જર, જન સેવા સંઘ કારોબારી સભ્યો ભરતભાઈ ત્રિવેદી, શંભુભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, રામઅવતાર શર્મા સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. દિવાળી પર્વનિમિત્તે મીઠાઈ વિતરણનો કાર્યક્રમ યોજાતાં વિદ્યાર્થીનીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. એન.આર.એ.કન્યા વિદ્યાલય નવિન ઓરડાઓ માટે રૂા.૧૧,૦૦૦/-નું દાન સામાજીક કાર્યકર રાજુભાઈ રાવલએ જાહેર કર્યું હતું.

